# આરાસણનાં જિનમંદિરોના અપ્રકટ અભિલેખો

લક્ષ્મણ ભોજક

તાજેતરમાં પ્રા૦ મધુસૂદન ઢાંકી અને અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑફ઼ ઇન્ડિયન સ્ટડીઝના ઉપનિયામક ડૉ૦ મૂર્તિ, તસવીરકાર શ્રી સમીર પાઠક સાથે કુંભારિયા(આરાસણ)નાં જિનાલયોના સર્વેક્ષણ માટે ગયેલાં ત્યારે ત્યાં સ્તંભાદિ પર અંકિત કેટલાક એવા લેખો જોયેલા જે અદ્યાવધિ પ્રકાશિત ગ્રંથોમાં નોંધાયેલા નહોતા. આથી બીજી વાર જ્યારે શ્રી સમીર પાઠક ત્યાં ગયા ત્યારે સાથે હું તથા શ્રી અમૃત પટેલ પણ આ નવીન લેખોની વાચના કરવા ગયેલા. તે આ સાથે અહીં પ્રકટ થઈ રહ્યા છે. અહીં તેને કાલક્રમાનુસાર નહીં પણ જે જે જિનાલયમાંથી તે મળી આવ્યા છે તદનુસાર પ્રસ્તુત કર્યા છે.

## મહાવીર જિનાલય

અહીં એક સ્તંભ પર લેખ તો છે, પણ તેમાં અક્ષરો અસ્પષ્ટ હોઈ તે વાંચી શકાયો નથી.

## શાંતિનાથ જિનાલય

૧. મૂળનાયકના ઉત્તરાભિમુખ મંદિરની પશ્ચિમ ભીંતના કુંભના ઘાટડા પર લેખ, જે કેવલાક્ષરમાં અને ગૂઢભાષામાં અંકિત હોઈ તેનો અર્થ સમજવામાં આવી શક્યો નથી. લેખ આ પ્રમાણે છે.

पं० १ अ-देव.....३ लोलिद्र ३९......मोलिद्र

पं० २ .................. प्रत ......................

पं० ३ ........ ३ श्री जिउनरगंद्रएमोलिद्र........

पं० ४ जसलतु ..... कुरु ॥ ......... मोली [द्र?]

पं० ५ ति श्री लि ...........

૨. ત્યાં મૂલપ્રાસાદથી થોડું અગ્નિખૂણામાં રહેલી ચારદ્વારયુક્ત કુલિકામાં સમવસરણ સહિતની અષ્ટાપદની રચના સ્થાપિત છે. તેની ચતુર્મુખ પ્રતિમા ઉપરની છાદ્યપટ્ટિકા પર કોતરાયેલો લેખ અગાઉ મુનિ વિશાલવિજયજીએ વાંચેલો[1]. તેમાં થોડા સુધારાવધારા સાથે ઢાંકી સાહેબ તથા હરિશંકર શાસ્ત્રીએ તેની પુનર્વાચના કરેલી[2]. તેમાં પણ તે વખતે નહીં ઉકેલાયેલો ભાગ વાંચી અહીં તેની પૂરા વાચના આપવામાં આવે છે.

सं० १२६६ फाल्गुन शुदि १० बुद्धे(धे) प्राग्वाट श्री ........

अहदेविसुत श्रे० नंदीवडभार्या पदमिन्याः पंचपुत्राः श्रे० जक्षदेव । बोपदेव । शोभनदेव । सू(?) र चंद्रा पं० श्रीकलशप्रमुखाः । बोपदेवशोभाभ्यां कुटुंबश्रेयार्थे **समवसरण**सहितं **अष्टापदतीर्थं** कारितं प्रतिष्ठितं **श्रीधर्मघोषसूरिभिः** ।

અષ્ટાપદની રચનાના નમૂનાઓ વિરલ છે અને તે પણ અહીનો તો સલેખ નમૂનો હોઈ તેનું મહત્ત્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધી જાય છે.

૩) આ મંદિરમાં જ સામાન ભરવાની ઓરડીમાં રાખેલા વીસ વિહરમાનના પટ્ટ પર નીચે મુજબનો લેખ કોતરેલો જોવા મળ્યો.

सं० १३५५ वर्षे...........................

श्री **परमानंदसूरिभिः** प्रतिष्ठितं ॥ **प्राग्वाट ज्ञातीय**

पंर हतुदेवि. श्रे० (સીમેન્ટ લાગેલો છે)

લેખ આમ ઈસ્વી ૧૩મા શતકના અંતિમ વર્ષનો છે.

## નેમિનાથ જિનાલય

મૂલપ્રાસાદની પછવાડેની ત્રિતીર્થિક આરસની સપરિકર પ્રતિમાના પબાસણ પર આ પ્રમાણે ખંડિત અને ઘસાઈ ગયેલો લેખ જોવા મળ્યો.

सं० १३४३ माघ शुदि १० शनौ श्री....सूरिणा.....

બલાનકના એક અન્ય સ્તંભ પર ઈસ્વી ૧૬મી સદીનો તુલ્યકાલીન લેખ છે : યથા :

१. संवत १६४७ व-

२. र्षे पोष शुद ४ र-

३. वौ सुत हरदास

४. सुभ थावोर वा-

५. गडीया स्थ नि

६. सेवक आद

७. माता ठ० गोठड

८. घीया

રંગમંડપના વચ્ચેના સ્તંભોથી ઉત્તરમાં રહેલા મિશ્રક સ્તંભો પૈકીના એક પર નીચેનો લેખ છે. વર્તમાન કાળે ટાંકણાથી થાંભલાને ઉજવાળવાની ક્રિયાથી લેખનો મોટો ભાગ નષ્ટ થઈ ચૂક્યો છે.

१. संवत १७१७ वरषे श्रा

२. सुद ४ भोमे

३.

४.

५.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६.

७.

८.

९. सूत्रधर

१०.

११. शुभं

## સંભવનાથ જિનાલય

આ મંદિરમાં લેખો અલ્પ પ્રમાણમાં મળે છે અને પૂર્વે થયેલાં પ્રકાશનોમાં લેવાયા નથી.

મૂળનાયકના ડાબી બાજુના બારણા પાસે જોનારની જમણી તરફના ગોખલાના પરિકર પર નીચે ઉટ્ટંકિત લેખ વાંચવા મળ્યો.

[ पं. १] सं० १३२५ वर्षे वैशाख शु ९ गुरु **प्राग्वटा ( ग्वाट ) ज्ञातीय** श्रे० पद्मशीकस्य य पद्म कुलपुत्र श्रे० रतनज कर्मासी

[पं. २] ह कुलज प्रहलादपुत्र २ मया....नड....पौ..य......

જ્યારે એ જ ગોખલાની ઉપરની પટ્ટી પર આ પ્રમાણેનો લેખ વાંચી શકાય છે.

(पं. १) ॥ श्री **पूर्णिमापक्षीय चउथशाषायां श्रीपद्मदेवसूरि** संतान श्री....राज....सूरि श्री....दासन श्रीआदिनाथ

(पं. २) बिंबं कारितं श्रे०....हेन प्रतिष्ठितं सूरिभिः ॥

સંભવ છે કે આ બીજો લેખ પ્રથમ લેખમાં કહેવાની રહી ગયેલી વાતની પૂર્તિ રૂપે કોર્યો હોય.

૧૦. ગૂઢમંડપના સ્તંભની ડાબી બાજુ ઇંદ્ર મૂર્તિનું રેખાંકન કરેલું છે. ત્યાં આ પ્રમાણે લેખ વંચાય છે :

श्री गणेश हे

मरत्न सु० हे

मल

૧૧. જ્યારે જમણી બાજુના લેખમાં એને મળતા સાલ પણ આપી છે. સંભવ છે કે ઉપરનો મિતિ વગરનો લેખ પણ એ જ સમયનો હોય.

संवत् १५२९ सा

वर्षे श्रावणवदि ३

श्रीगणेस श्री

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री श्री हेमर

त्नम

આ નવપ્રાપ્ત લેખોથી વિશેષ નવીન હકીકતો તો પ્રાપ્ત નથી થતી પણ તેમાં ગચ્છો, શ્રાવકો આદિ વિશે શોધ કરનારાઓને થોડીક પણ ઉપયોગી માહિતી મળી રહેશે.

**ટિપ્પણો :**

૧. જુઓ **શ્રીઆરાસણતીર્થ** અપરનામ **શ્રીકુંભારિયાતીર્થ,** યશોવિજય ગ્રન્થમાલા, ભાવનગર ૧૯૬૧, પૃ૦ ૧૪૯, લેખાંક ૨૮-૧૪૮.

૨. જુઓ "આરાસણના બે જૈન પ્રતિમાલેખોની વિશેષવાચના," **સ્વાધ્યાય,** ૮.૨, વિ૰ સં૰ ૨૦૪૭, પૃ૦ ૧૦૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org